ફોજદારી કેસ નંબર 714-1990

**<u>આંક–૧ નીચે હુકમ.</u>**

આજરોજ નામદાર નેશનલ લીગલ સર્વીસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશીયલ સીટીંગ રાખેલ છે.

સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો કેસ જૂનો છે. આરોપી સામે આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈ ઘ્યાને લેતાં, કેસ સમન્સ/સમરી ટ્રાયેબલ છે. કેસનું રોજકામ જોવામાં આવે તો, આરોપી સામે સમયાંતરે અને વારંવાર કોર્ટ પ્રોસેસ કાઢવામાં આવેલ છે. પરંતુ આરોપીની સામે કાઢવામાં આવેલ પ્રોસેસ પોલીસ તરફથી વગર બજે પરત ફરેલ નથી કે આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ નથી કે ફરીયાદ પક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. આમ, સદર કેસ ઘણા લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે પેન્ડીંગ છે જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વઘુ તકો આપવી ઉચિત જણાતું નથી.

**<u>પી.રામચંદ્ર રાવ વિ.કર્ણાટક રાજય ૨૦૦૨(૨)જી.એલ.આર.પાના નં.૧૫૪૯</u>** ઉપર પ્રસિઘ્ધ થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં માનનીય સાત ન્યાયાધીશોની ખંડપીઠે ઠરાવેલ છે કે,'' The Criminal Courts should exercise their available powers such as those under Sections 309,311,258 of the code of Criminal Procedure,1973 to effectuate the right to speedy trial ". આ ઉપરાંત આપણી નામદાર હાઈકોર્ટના પત્ર નં.૨૯૧૭/૨૦૦૬ તા.૧૭–૧૦–૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ ઘ્વારા નીચલી અદાલતોને એવી સૂચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદીત તકો આપી યોગ્ય કિસ્સાઓમાં સી.આર.પી.સી. ની કલમ ૨૫૮ અન્વયે મળેલ સત્તાઓનો ઉપયોગ કરે.

આથી,કેસની હકીકતો, કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નીષ્ફળ નીવડેલ હોય અને હવે વઘુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડ લાઈનને ઘ્યાને લેતા અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૨૫૮ ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિત જણાઈ આવે છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>હુ ક મ</u>

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ ૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી/ઓના જાતમુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે.જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતા ૧૯૭૩ ની કલમ ૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે લીધેલ મુદ્દામાલ અંગે જો વચગાળાનો હુકમ અગાઉ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા બીન કીંમતી મુદ્દામાલ કે કીંમતી મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૨ માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૨–૦૩–૨૦૨૨

મુ.અમદાવાદ

(ગૌરવ શર્મા)
UIC NO GJ 01443
ચોથા એડી. જયુડી. મેજી. ફ.ક.
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.